# A Synopsis

of The Thesis to be Submitted for

**Ph. D. Degree in Gujarati**

at The Maharaja Sayajirao University of Baroda,
Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરામાં ગુજરાતી વિષયમાં પી.એચ ડી.ની
પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા

## Research Topic for Ph. D.

**"A critical study of selected Indian Novels with the context of Woman Image"**

"નારી છબી સંદર્ભે પસંદ કરેલ ભારતીય નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ"


☼ **Presented By** ☼

Manali Bharatkumar Joshi

**Guide**

Dr. Bharat C. Pandya
Assistant Professor,
Department of Gujarati,
Faculty of Arts,
The M. S. University of Baroda,
Vadodara.

# શોધનિબંધની રૂપરેખા

મારા શોધનિબંધનો વિષય છેઃ “નારી છબીના સંદર્ભે પસંદ કરેલ ભારતીય નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ”. પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી રહે તે હેતુસર શોધનિબંધને ૧૩ પ્રકરણોમાં અને ૩ પરિશિષ્ટોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ શોધનિબંધના પ્રકરણો અનુક્રમે નીચે મુજબ છેઃ


પ્રકરણઃ૧ સાહિત્યમાં નારી છબીનું વૈવિધ્ય

પ્રકરણઃ૨ ‘સાત પગલાં આકાશમાં’- ગુજરાતી નવકથામાં નારી છબી

પ્રકરણઃ૩ ‘બત્રીસ પૂતળીની વેદના’- ગુજરાતી નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૪ ‘કાલા જલ’- હિન્દી નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૫ ‘મિત્રો મરજાની’- હિન્દી નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૬ ‘શેષ પ્રશ્ન’- બંગાળી નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૭ ‘પ્રથમ પ્રતિશ્રુતિ’- બંગાળી નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૮ ‘ઉમરાવજાન અદા’-ઉર્દુ નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૯ ‘દ્રૌપદી’- ઉડિયા નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૧૦ ‘પિંજર’- પંજાબી નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૧૧ ‘ધરતી ખોળે પાછો વળે’- કન્નડ નવલકથામાં નારી છબી

પ્રકરણઃ૧૨ પસંદ કરેલ નવલકથાઓનો નારી છબી સંદર્ભે તુલનાત્મક અભ્યાસ

પ્રકરણઃ૧૩ ઉપસંહાર

પરિશિષ્ટઃ૧ A Presentation Under Departmental Coursework (Phase- I) for Ph.D. Students (‘સ્ત્રીવિમર્શ’- પુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ’)

પરિશિષ્ટઃ૨ A Presentation Under Departmental Coursework (Phase-II) for Ph.D. Students (‘પાનખરની બીક ના બતાવો’ નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ’)

પરિશિષ્ટઃ૩ સંદર્ભગ્રંથ સૂચિ

પરિશિષ્ટઃ૪ કૃતિ સૂચિ

પરિશિષ્ટઃ૫ કર્તા સૂચી

## પ્રકરણઃ ૧ સાહિત્યમાં નારી છબીનું વૈવિધ્યઃ

આદિકાળથી લઈને આધુનિક સમય સુધી વિવિધ વિચારણાઓ, આંદોલનો, ચળવળો, સંગ્રામો થતાં આવ્યા છે. સાહિત્ય સમાજની અસર ઝીલતું હોવાથી જે-તે સમયના વૈચારિક પ્રવાહોની છાપ સાહિત્યમાં જોવા મળે છે. તે જ રીતે 'નારીવાદ'ની અસર સાહિત્યમાં જોવા મળે છે. પાશ્ચાત્ય દેશોમાંથી આવેલ નારીવાદની વિચારણા ભારતમાં વિવિધ સ્થળોએ પ્રચલિત થઈ. સ્ત્રીઓના મતાધિકારથી માંડીને સ્ત્રીની વૈયક્તિક સ્વતંત્રતા અને સમાન અધિકારો આ વિચારણાના મુખ્ય કેન્દ્રસ્થાનો છે. આ વિચારણા પ્રબળ બનાવવા પાછળ સાહિત્યનો મહત્વનો ફાળો છે.

આ પ્રકરણમાં વિવિધ કાળમાં ભારતીય સાહિત્યમાં રચાયેલ નારી છબીનો પરિચય આપવામાં આવ્યો છે. જેમાં ત્રણ મુદ્દા અંતર્ગત નારીની વિવિધ સમયે રચાયેલ છબીની ચર્ચા કરવામાં આવી છે.

### અ. વિવિધ યુગમાં નારી છબીઃ

#### ૧.પ્રાચીનકાળઃ

આ વિભાગમાં મનુઋષિ રચિત 'મનુસ્મૃતિ'માં પ્રાચીન કાળમાં વિવિધ સ્તરે સ્ત્રીનું સ્થાન ક્યાં-ક્યાં છે તેની ચર્ચા કરવામાં આવી છે. 'નારાયણી'ની છબી આપીને સ્ત્રીની પૂજાને મહત્તા આપતો આ જ ગ્રંથ સ્ત્રીને અન્ય વિધિ-વિધાનોમાં સમાવિષ્ટ કરવા માટે નિષેધ ફરમાવે છે. દલિતો અને સ્ત્રીઓને એક જ કક્ષામાં મૂકતો આ ગ્રંથ જનોઈ, યજ્ઞ, પૂજા જેવી ધાર્મિક ક્રિયાઓમાં સ્ત્રીઓનો સમાવેશ કરતો નથી. પતિ ગમે તેટલો ચારિત્ર્યહીન હોય તેમ છતાં પત્નીએ તેને દેવ ગણીને સેવા કરવી. આવા ઘણાં નિયમો લાદીને સ્ત્રીપક્ષે અન્યાય કર્યો છે.

આ ઉપરાંત, 'મહાભારત' અને 'રામાયણ' જેવાં મહાકાવ્યોમાં પણ ચિત્રિત નારી પાત્રોની છબીની ચર્ચા આ પ્રકરણમાં કરી છે. દ્રૌપદી, સિતા, અહલ્યા, મંદોદરી, કુંતી, ગાંધારી જેવા પાત્રોમાં તાદશ થતી વિવિધ નારી છબીનો અભ્યાસ કરીને તે સમયે સમાજમાં ચાલતા કુરિવાજોથી થતાં અન્યાયની ચર્ચા કરી છે. પ્રતિષ્ઠા, ગરિમા અને સન્માન જેવાં રૂપાળા વિશેષણો પ્રયોજી શોષણને ત્યાગ કે સમર્પણ ગણતાં પુરુષસત્તાક સમાજે સ્ત્રી માટે પ્રાચીનકાળમાં નિયત કરેલાં માળખાની ચર્ચા કરી છે.

## **૨.મધ્યકાળ:**

આ વિભાગમાં હેમચંદ્રાચાર્યના 'અષ્ટાધ્યાયી'માં સમાવિષ્ટ દુહાઓમાં સ્ત્રીની છબી વીર અને ખુમારીવાળી છે તેની ચર્ચા કરી ઇ.સ. ૧૧૦૦ મહમ્મદ ગઝનીના આક્રમણ બાદ સ્ત્રીને જોવાનો દ્રષ્ટિકોણ  બદલાયો ત્યારબાદ ભક્તિકેન્દ્રી આ યુગમાં સ્ત્રીને બ્રહ્મની ઉપાસનામાં બાધારૂપ ગણી કઈ રીતે હાંસિયામાં ધકેલાઇ દેવાઈ છે તેની ચર્ચા કરી છે. સ્ત્રીશિક્ષણ અમાન્ય હોવા છતાં મીરાંબાઈ, ગંગાસતી જેવાં સ્ત્રી કવિઓ આ જ કાળમાં થઈ ગયા તે બાબત ધ્યાનાકર્ષક છે. કુરિવાજોની વેદના આ સમયમાં પણ ચાલુ રહે છે. નીરસ, નિસાસાથી ભરપૂર અને શુષ્ક જીવન જીવતી સ્ત્રીઓની દયનીય સ્થિતિનું પરિબળ બનતી મહત્વની બે સત્તાઃ ૧) રાજ્ય સત્તા અને ૨) ધર્મસત્તા અને તે દ્વારા સ્ત્રી માટે તૈયાર થયેલું ગુણોનું માળખું બંનેનો વિશેષ અભ્યાસ કરવામાં આવ્યો છે.

## **૩. અર્વાચીનકાળ:**

લગભગ ૧૮મી સદીમાં નવા પ્રવેશેલા સુધારક પરિબળોને કારણે આ સમયે સ્ત્રીના સ્થાન અને સ્વતંત્રતામાં ઘણું પરીવર્તન આવ્યું. શિક્ષણ સંસ્થાઓની સ્થાપના, કન્યા કેળવણી, અંગ્રેજી શિક્ષણ, જ્ઞાતિબંધનો પર પાશ્ચાત્ય અસર, બાળલગ્ન અને દૂધપીતી કરવાના રિવાજ પર પ્રતિબંધ, વિધવાવિવાહને પ્રોત્સાહન, વિવિધ સુધારક મંડળીઓની સ્થાપના, વર્તમાનપત્રો અને સામયિકોની શરૂઆત, ગ્રંથાલયોની શરૂઆત, સુધારકોએ આણેલી જાગૃતિ- વગેરે જેવાં પરિબળો દ્વારા સામાજિક ક્ષેત્રે તેમજ સાહિત્યક્ષેત્રે ઘણું પરીવર્તન આવ્યું.

પશ્ચિમના વર્જિનિયા વૂલ્ફ, સિમોન-દ-બુવા તો ભારતના તારાબાઈ શિંદે, મહાદેવી વર્મા અને પંડિતા રમાબાઈ જેવાં સ્ત્રી વિચારકો-લેખકો દ્વારા ઘણી જાગરૂકતા આવી. દુર્ગારામ મહેતા, જ્યોતિબા ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે જેવાં સુધારકોએ આ ક્ષેત્રે ઘણું યોગદાન આપ્યું. તેમ છતાં, સમાજનું પુરુષસત્તાક તંત્રનું જડબું એટલું ચુસ્ત હતું કે આજ સુધી સ્ત્રી પૂર્ણ રીતે સ્વતંત્ર થઈ શકી નથી તેનો વિગતે અભ્યાસ કર્યો છે.

## બ. ભારતીય નવલકથામાં નારી સંવેદનઃ

ઇ.સ. ૧૮૬૯ માં J. S. Mill કૃત 'The Subjection of Women' આવ્યું, જેમાં સ્ત્રીના હકો વિશેના વિચારો હતા. ત્યારબાદ ઇ.સ. ૧૯૨૯માં Virginia Woolf નું 'The Room of one's own' પુસ્તક આવ્યું. સ્ત્રીના સ્વતંત્ર ઓરડા વિષેની વાત દ્વારા સ્ત્રીના વિવિધ સ્તરે સહેવા પડતાં અન્યાયોને આ પુસ્તકે વાચા આપી. ઇ.સ. ૧૯૪૯ માં Simone-de-beauvoir નું સ્ત્રી વિશેના પ્રબળ વિચારો રજૂ કરતું 'The Second Sex' આવ્યું. ફ્રાંસ, ઈંગ્લેન્ડથી શરૂ થઈને વિવિધ સ્થળોએ નારીવાદની વિચારણા પ્રવર્તી. Toril Moi, Julia Kristeva, Mary Elman, Helen Siu જેવા વિચારકોની અસર ભારતમાં પણ થઈ.

કુરિવાજો, રૂઢીઓ, દૂષણો જેવી પરંપરાગત ચાલી આવતી કુનીતિઓને અટકાવાની જરૂર હતી. જેમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાજારામ મોહનરાય, અગરકર, જ્યોતિબા ફૂલે, મહાગોવિંદ રાનડે જેવા સુધારકોએ ઝુંબેશ આદરી. કુરિવાજોથી થતાં અત્યાચાર રોકવાના પણ પ્રયત્નો થયા. સ્ત્રીઓમાં સાવિત્રીબાઇ ફૂલે, પંડિતા રમાબાઈ, તારાબાઈ શિંદે જેવી સ્ત્રી સુધારકોએ પણ મહત્વનું પ્રદાન કર્યું. આ સર્વે બાબતો આ વિભાગમાં વિગતે ચર્ચી છે.

ત્યારબાદ સાહિત્યના વિવિધ પ્રકારોમાં, વિવિધ ભાષાઓમાં રચાયેલ મહત્ત્વની નારીકેન્દ્રી સાહિત્યના પ્રદાનની ચર્ચા આ વિભાગમાં કરી છે. તેમાંથી અંકિત થતી નારીની વિવિધ છબી અને તેની પર લાગુ પડતી સત્તાના તંત્ર વિષે ચર્ચા કરી છે.

## ક. ગુજરાતી નવલકથામાં નારી સંવેદનઃ

ગુજરાતી ભાષામાં નારીવાદી કે નારીકેન્દ્રી સાહિત્યમાં પ્રદાન કરનાર રાજેન્દ્ર મહેતા, લીલાવતી મુન્શી, વિનોદીની નીલકંઠ, ધીરુબહેન પટેલ, કુન્દનિકા કાપડીઆ, ઇલા આરબ મહેતા, હિમાંશી શેલત, શરીફા વીજળીવાળા, ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા, વર્ષા અડાલજા, નિવ્યા પટેલ વગેરે સાહિત્યકારોનો મહત્ત્વનો ફાળો છે. આ ઉપરાંત, ચંદ્રકાંત ટોપીવાળા, બિપિન આશર, શિરીષ પંચાલ, ભરત મહેતા જેવા વિવેચકો-વિચારકો દ્વારા પણ આ સંદર્ભે લેખો દ્વારા ચર્ચા કરવામાં આવી છે. જેની વિચારણા આ વિભાગમાં કરવામાં આવી છે.

ગુજરાતી ભાષા સાહિત્ય ક્ષેત્રે લીલાવતી મુન્શી અને વિનોદીની નીલકંઠના નિબંધો અને વાર્તાઓના લેખન બાદ આ વિષય ચર્ચાતો થયો. ત્યારબાદ સર્જનક્ષેત્રે જોઈએ તો બહુ ઓછી નવલકથાઓ લોકચર્ચાનો મુદ્દો  બની બહોળા પ્રમાણમાં પ્રભાવ પાડે છે. જેમાં કુન્દનિકા કાપડીઆની 'સાત પગલાં આકાશમાં' અને ઇલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના'નો સમાવેશ થાય છે. આ નવલકથાઓ મહત્ત્વની હોવાથી આગળના પ્રકરણોમાં તેનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ, ગુજરાતી ભાષા સાહિત્ય ક્ષેત્રે સર્જન થયેલ નારીકેન્દ્રી સાહિત્યની ચર્ચા કરી, તેના પરથી ફલિત થતો મુખ્ય સૂર તેમજ સ્ત્રી અન્યાય સામેના વિભિન્ન પ્રતિકારની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે. આ ઉપરાંત, નારીપાત્રોની સંવેદના, લાગણી, મહેચ્છા, દુરાચારો, પ્રતિકાર સંદર્ભે નારીના વિવિધ રંગોને તપાસવામાં આવ્યા છે. જેમાં સામાન્ય ગણાતી નારીથી લઈને અભિનેત્રી, સ્વતંત્ર, સ્વચ્છંદ, વિધવા, ત્યક્તા, વાસનાગ્રસ્ત, નોકરિયાત, ગૃહિણી, નિરક્ષર, સાક્ષર, પુરુષ સમોવડી બનવા ઇચ્છતી કે પુરુષ દ્વેષીણી જેવી વિવિધ માળખામાં ઉપસતી નારી છબી ધરાવતા નારી પાત્રોનાં સંવેદનનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

- **<u>પ્રકરણઃ૨ 'સાત પગલાં આકાશમાં'- ગુજરાતી નવલકથામાં નારી છબીઃ</u>**

કુન્દનિકા કાપડીઆ કૃત 'સાત પગલાં આકાશમાં' ગુજરાતી ભાષાની મહત્ત્વની, બહુચર્ચિત અને લોકપ્રિય નારીકેન્દ્રી નવલકથા છે. ઇ.સ. ૧૯૮૨ના જુલાઈથી શરૂ થઈને 'જન્મભૂમિ પ્રવાસી' માં રવિવારીય આવૃત્તિમાં હપ્તાવાર છપાયેલી આ નવલકથામાં મુખ્ય પાત્ર વસુધા છે. કોઈ પણ સ્ત્રીને થતાં રોજ-બરોજના કામના ઢસરડાને કારણે આવતા વિચારોને રજૂ કરતું આ સ્ત્રીપાત્ર વ્યોમેશ જેવા પુરુષસત્તાક પતિ અને સાસુ સમા ફૈબા જેવા પુરુષસત્તાક માનસ ધરાવતી સ્ત્રી દ્વારા ત્રાસ સહન કરતું પાત્ર છે. પ્રકૃતિ દ્વારા સ્વતંત્ર મનનું સૂચક બનતું આ પાત્ર આકાશ, ઉદ્યાન, આનંદગ્રામની સાથે પ્રાકૃતિક નિકટતા ધરાવે છે અને અંતે હિમાલયના ખોળે જાય છે. વસુધાનો  યુવાનીનો સમય, તેનું લગ્નજીવન અને ત્યારબાદનું સ્વતંત્રતા ઝંખતું જીવન વગેરે તબક્કાઓ દ્વારા સ્વની ઓળખ પ્રાપ્ત કરવા માટેના પ્રયાસો બતાવવામાં આવ્યા છે.

આ નવલકથામાં અન્ય ગૌણ સ્ત્રીપાત્રો જેવા કે રંજના, શોભા, લીના, ઉર્મિલા, નલિની, એના, જયાબેન, આભા, અલોપા, ઈશા, સુમિત્રા/મિત્રા, સુનીલા, કમલ, સલીના, વાસંતી, બેલા દ્વારા ગૃહિણી, નોકરિયાત, વિધવા, ત્યક્તા, વંધ્ય, સાહસી વગેરે સ્ત્રીને સહન કરવા પડતાં અત્યાચારોની નાની-નાની

દસ્તાવેજી પ્રકારની કથાઓ ગૂંથી છે. દહેજ, બળાત્કાર, ખૂન જેવા આત્યંતિક અત્યાચારો તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. શારીરિક, માનસિક, સામાજિક, પારંપરિક સમસ્યાઓને પાત્રો દ્વારા રજૂ કરવામાં આવી છે. જેના દ્વારા પુરુષસત્તાક સમાજના જડબેસલાક ચુસ્ત માળખાનો અભ્યાસ કરી નવલકથામાંના નારી પાત્રોની નારી છબીનો અભ્યાસ કર્યો છે.

**<u>પ્રકરણ:3 'બત્રીસ પૂતળીની વેદના'- ગુજરાતી નવલકથામાં નારી છબી</u>**

ઇલા આરબ મહેતા દ્વારા લખાયેલી 'બત્રીસ પૂતળીની વેદના'ના નારીપાત્રોની નારીછબીનો અભ્યાસ અહીં જુદી રીતે કરવામાં આવ્યો છે. સમાજમાં સ્ત્રીઓ માટે રચાયેલાં માળખામાં સ્ત્રીઓએ અનેક સત્તાઓને તાબે થઈને રહેવું પડે છે. માનસિકરૂપે સ્ત્રીને કુંઠિત કરવામાં ધર્મસત્તાનો હાથ ભારતીય સમાજમાં ઘણાં સમયથી છે. આવી જ ધર્મસત્તાનું પ્રતિનિધિત્વ કરતાં ધર્મગુરુનું એક પાત્ર છે. નારીની સહનશીલતા, સમર્પણ, ત્યાગ, માતૃત્વ, સતીત્વ જેવા રૂપાળા વિશેષણોથી સજાવાયેલ સ્ત્રીના સ્થાનને હકીકતમાં કેટ-કેટલાં બંધનોની તાબે થઈને રહેવું પડે છે તે આ નવલકથામાં તાદૃશ કરવામાં આવ્યું છે. અનુરાધાનું મુખ્ય પાત્ર તેમજ અન્ય નારીપાત્રો તરીકે વિભાવરી, છાયા, વિનોદીની, રેખાના પાત્રો દ્વારા બંધનોની અકળામણ બતાવવામાં આવી છે. જ્યારે મધુબહેન, ચંદ્રાબહેન અને વસુબહેન જેવાં પાત્રો અજાગરૂકતાને કારણે પુરુષસત્તાક સમાજના માળખામાં કેવા આસાનીથી બંધ બેસી જાય છે તે ઉજાગર થાય છે.

રામાયણનું નાટક કરવામાં આ નારીપાત્રોના રિહર્સલ દરમિયાનના સમયગાળામાં તેમના વાસ્તવિક જીવનનો ગૂંફ રચીને તેમના જીવનની વક્રતા બતાવીને અંતે ડાયલોગને બદલે પોતાના સંવાદો બોલીને બતાવવામાં આવેલો પ્રતિકાર અત્યંત પ્રસ્તુત બને છે. જેનો વિગતે અભ્યાસ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

**<u>પ્રકરણ:૪ 'કાલા જલ'- હિન્દી નવલકથામાં નારી છબી</u>**

ગુલશેર ખાં-'શાની' રચિત 'કાલા જલ' હિંદી નવલકથામાં ૨૦મી સદીના પૂર્વાર્ધના સમયના મુસ્લિમ સમાજના પરિવેશને રજૂ કરતી નવલકથા છે. બે મુસ્લિમ પરિવારોને સમાવતી આ

નવલકથામાં ત્રણ વિભાગ છે. ફાતિહા(શ્રાદ્ધ)ની પ્રયુક્તિ દ્વારા આ કથા કહેવામાં આવી છે. જે પણ પૂર્વજને ફાતિહાનો ભોગ ધરાવાતો હોય તેનું નામ આવતા સ્મૃતિની પ્રયુક્તિથી કથા કહેવાય છે.

આ નવલકથામાં છોટી બુઆએ શ્રધ્ધાનું પ્રતિક છે. નવલકથામાં બિટ્ટી ભરવાડણ, બિલાસપુરવાલી, સલ્લો આયા, રૂબીના, રશીદા, ઝાહીરાભાભી વગેરે નારીપાત્રો છે. રોશનબેગ ફુઆ, બબ્બન, રજ્જુમિયાં, સોની-વૈદ્ય એવો બબ્બનનો પાડોશી, કરામતબેગ જેવાં પુરુષપાત્રો સાથે સ્રીપાત્રોનાં સંબંધ દ્વારા વિવિધરંગી નારી છબી પ્રસ્તુત થાય છે. કરામતબેગ હિન્દુ યુવતી બિટ્ટી ભરવાડણ હિન્દુ સ્રી સાથે અને બાદમાં ધર્મ અગ્રણીઓના દબાણને કારણે બિલાસપુરવાલી મુસ્લિમ સ્રી સાથે લગ્ન કરે છે. બે સૌતન (શોક) વચ્ચેનો સંઘર્ષ અહીં નિરૂપ્યો છે. પ્રથમ પત્ની હોવા છતાં બિલાસપુરવાલી પર સાસુની જેમ રોફ જમાવતી બિટ્ટી, છોટી બુઆ- જે તેમની પુત્રવધૂ છે તેની પર પણ ચાંપતી નજર રાખે છે. બિટ્ટી રોશનબેગ નાનો હોવા છતાં રજ્જુમિયાં સાથે બીજા લગ્ન કરે છે, જેની અસર રોશનબેગ પર પડે છે. પાંચ વખત નમાઝ પઢતાં રશીદાના કાકા રશીદાને ભોગવતા ખચકાતાં નથી. સલ્લો આયા પુરુષવેશે તેના પ્રેમીને મળવા જાય છે. બબ્બન પાસે પિતાના ઓરડામાંથી રતિ-આસનોનું પુસ્તક મંગાવતી સલ્લો આયા બિન્ધાસ્ત સ્વભાવની હોવા છતાં મૃત્યુ પામે છે. સામંતવાદથી ઊભા થતાં વિરોધાભાસને કારણે પ્રતિકાર કરતાં પાત્રોની આ કથા છે. બબ્બનનો પાડોશી સોની-વૈદ્ય પોતે જ ઉછેરેલી છોકરી સાથે વાસનાને કારણે પરણે છે. અન્ય પુરુષોથી આકર્ષાતી તેની પત્નીને મારે છે. છોટી બુઆ પણ સસરાની ખોટી નજરનો ભોગ બને છે. ઝાહીરાભાભી દિયર સાથે સંબંધ ધરાવે છે અને દિયરનું લગ્ન થઈ જતાં એકલતા અનુભવે છે. આમ, ભિન્ન સ્રી-સંવેદનોનો ચિતાર આપતી આ કૃતિ સ્રી સંવેદનોને સમજવા માટેની આસ્વાદ્ય કૃતિ બને છે. તે સંદર્ભે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

## <u>પ્રકરણ:૫ 'મિત્રો મરજાની'- હિન્દી નવલકથામાં નારી છબી</u>

કૃષ્ણા સોબતી દ્વારા લખાયેલી 'મિત્રો મરજાની' હિન્દી નવલકથામાં મિત્રો એ મુખ્ય નારીપાત્ર છે. સાસુ ધનવંતી, જેઠાણી સુહાગવંતી, દેરાણી ફૂલાવંતી વગેરે નારી પાત્રો અહીં મિત્રોને સમજવા માટે સહાયક પાત્રો તરીકે આવે છે.

પંજાબના આંચલિક જીવનને વ્યક્ત કરતી આ નવલકથા બે પ્રકારે નવલકથામાં જોવા મળે છે: ૧. પરંપરાગત રૂઢિ અને માન્યતાઓનો વિરોધ કરતી અને ૨. સનાતન માનવી મૂલ્યો પ્રત્યે સનાતન શ્રધ્ધા ધરાવતી. તે આ નવલકથામાં લડીને કે છીનવીને પોતાના હકો કે અધિકારો નથી લેતી. તેનો એક stand point છે. ત્યાં જ અડગ ઊભી રહીને તે પોતાનામાં આત્મબળ સંચિત કરે છે. સ્નેહ અને

મમતા ધરાવતું આ પાત્ર પતિ પાસેથી પ્રેમ (શારીરિક અને લાગણીજન્ય) તેમજ સંતાનપ્રાપ્તિની ઇચ્છા ધરાવે છે. સુહાગવંતી બનવારીની પત્ની છે. ભારતીય સમાજે બનાવેલ ચોકઠા પ્રમાણે 'આદર્શ' ગણી શકાય તેવું તેનું પાત્ર છે. ફૂલાવંતીને જોઈને સાસુને દુખ થાય છે, તે એક કર્કશા સ્ત્રી છે. મિત્રો શરીરસુખથી વંચિત હોવાથી તેને જેઠાણીના દાંપત્યજીવનની ઈર્ષ્યા થાય છે અને તેનું ખુલ્લે આમ એલાન કરતાં પણ તે ખચકાતી નથી. અંતે વાસનાપૂર્તિ માટે જતી મિત્રોને પતિ પ્રત્યે નિષ્ઠા જાગે છે અને તે પાછી ફરે છે. તેને સમાજનો ડર નથી, ઈશ્વરનો ડર નથી અને કોઈ આદર્શનો મોહ નથી.

આવું વિલક્ષણ પાત્ર ધરાવતી આ કૃતિનો અભ્યાસ કરવામાં ભારતીય સમાજમાં જોવા મળતી એક અલગ જ લક્ષણો ધરાવતી સ્ત્રીપાત્ર સાથે ભેટો થાય છે.

## <u>પ્રકરણઃ ૬ 'શેષ પ્રશ્ન'- બંગાળી નવલકથામાં નારી છબી</u>

શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય કૃત 'શેષ પ્રશ્ન'નો અનુવાદ રમણલાલ સોનીએ ગુજરાતી ભાષામાં કર્યો. આ નવલકથા સ્ત્રી અને પુરુષના પારંપારિક સંબંધો અને પ્રેમની સમસ્યાનો સમાવેશ થયો છે. કમલ, મનોરમા, નીલિમા, બેલા અને માલિની આ નવલકથાના મુખ્ય સ્ત્રી પાત્રો છે. આશુબાબુ, શિવનાથ, અજિત વગેરે પુરુષપાત્રો સાથેના નૈતિક-અનૈતિક સંબંધોની આ કથા છે. મનોરમા આશુબાબુની દીકરી છે. કમલ એ શિવનાથની અતિસુંદર પત્ની. લેખકે કમલના પાત્રમાં બધા જ શ્રેષ્ઠતમ ગુણોને સંકલિત કરી એક વિશિષ્ટ નારી પાત્રની રચના કરી છે. આ પાત્ર 'ખુલ્લી કિતાબ' જેવું વ્યક્તિત્વ ધરાવે છે. માતાના લજ્જાજનક વૃત્તાંતો અને પોતાના સમયની હકીકતો જણાવતા તે શરમાતી નથી. નીલિમા દ્વારા તેના ચરિત્રને 'પરમ સ્વતંત્ર' કહેવામાં આવ્યું છે. જેને કોઈ પણ પ્રકારની સત્તા કે બંધન નડતું નથી. પુખ્તતા, સમજ, સૌંદર્ય, ઐશ્વર્ય જેવા ગુણોનાં સમન્વયનું તે ઉદાહરણ છે. મનોરમા આચાર-વ્યવહાર-મર્યાદાનું સંપૂર્ણ ધ્યાન રાખનાર પાત્ર છે. શિવનાથના અનૈતિક કૃત્યોની વાત સાંભળવા પણ તે તૈયાર નથી. વ્યક્તિઓ અને ઘટનાઓને માત્ર ઉપરથી તપાસવાનો તેનો સ્વભાવ છે. જ્યારે નીલિમા નીડર, હસમુખ અને સ્પષ્ટ વક્તા છે. સ્વજનોની સેવા અને સત્કારમાં પોતાની વૈધવ્યની વેદના તે વિસારી જવા માંગે છે. બેલા પતિનો ત્યાગ કરે છે.

પરંપરા, લગ્ન વ્યવસ્થા, સમાજ, માન્યતાઓ, આચાર-વ્યવહારથી ઘેરાયેલા સ્ત્રીપાત્રોના ઊલટફેરનો આ પ્રશ્ન છે. સુશિક્ષિત અને બૌધિક માનસ ધરાવતાં પાત્રોની છબી તપાસતા આ નવલકથાના નારીપાત્રોની વિશિષ્ટ છાપ કઈ રીતે ઊભી થાય છે તેનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.

## પ્રકરણઃ ૭ 'પ્રથમ પ્રતિશ્રુતિ'- બંગાળી નવલકથામાં નારી છબી

આ પ્રકરણમાં આશાપૂર્ણા દેવી રચિત 'પ્રથમ પ્રતિશ્રુતિ' બંગાળી નવલકથામાં સત્યવતી નામના પાત્રની સંઘર્ષકથા આવે છે. 'ભણે તો વિધવા થવાય' તેવી પોકળ અને મૂર્ખતાભરી માન્યતા જે સમાજમાં છે તેવા સમાજનું પ્રતિનિધિત્વ કરતી સત્યવતીના પિતાને તેના પ્રત્યે લાગણી હોવા છતાં કેવી રીતે ભણાવે તે પ્રશ્ન છે. સત્યવતી આ બધી માન્યતાઓને તર્કના પાયા પર ચકાસીને પ્રશ્ન કરે છેઃ 'વિદ્યાની દેવી સરસ્વતી સ્ત્રી છે તો પછી બીજી સ્ત્રીઓથી કેમ ન ભણાય?' તેના પિતા વૈદિક વિધિ-વિધાનમાં શ્રધ્ધા રાખનારા છે. તેનો ભાઈ રામકાલી છે. સત્યવતીને વિદ્યા પ્રત્યે પ્રેમ છે. ભણવાની તીવ્ર ઇચ્છા ધરાવતી સત્યવતી તેના ભાઈના ચોપડામાંથી નકલ કરે છે. પિતા જ્યારે માતાને લાત મારે છે ત્યારે સત્યવતી જોડકણું બનાવે છે. સત્યવતીનું લગ્ન સામાજિક ડરને કારણે બાળપણમાં થાય છે. સાસરીમાં પણ તેના મોકળાશ ધરાવતાં સ્વભાવને કારણે સાસરીની સ્ત્રીઓ તેની પર અકળાય છે. સાસુ અને પતિની શાણ ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરે છે. ત્યક્તા એવી નણંદને અને સુવર્ણા જે વિધવાની દીકરી છે તેને અંત સુધી સાથ આપે છે. સુવર્ણને નાની વયમાં પરણાવી દેવાતા તે ખોટું સહન કરી શકતી નથી અને ગૃહત્યાગ કરે છે. સમાજના વિવિધ પરિબળોનો ભોગ બનતી નારી પાત્રોની છબીની આ પ્રકરણમાં ચર્ચા કરી છે.

## પ્રકરણઃ ૮ 'ઉમરાવજાન અદા'- ઉર્દૂ નવલકથામાં નારી છબી

મિર્ઝા મહમ્મદ હાદી ઉર્ફે મિર્ઝા રુસ્વા રચિત 'ઉમરાવજાન અદા'નો ગુજરાતીમાં એમ. જી. કુરેશી. દ્વારા અનુવાદ થયેલો છે. ઉમરાવજાન આ નવલકથાનું મુખ્ય સ્ત્રીપાત્ર છે. કલંકિત અને તિરસ્કૃત ગણાતાં વેશ્યાઓના સમાજનું પ્રતિનિધિત્વ કરતું આ પાત્ર તેના સમાજની સ્ત્રીઓ કરતાં વિલક્ષણ છે. તે મહાનતાના અંશો ધરાવે છે અને આ અંશો નવલકથામાં વિવિધ પ્રસંગો દ્વારા ઊઘડે છે. પાપ-પુણ્યના માનસિક સંઘર્ષ દ્વારા અંતે ઉદ્દાત ગુણો સુધી આ પાત્ર પહોંચે છે. પિતા પ્રત્યેની દિલાવરખાનની દુશ્મનીનો ભોગ ઉમરાવજાન બને છે. બાળપણમાં અન્ય બાળકીઓની જેમ સામાન્ય જીવન જીવતી અમીરનને અપહરણ કરી બજારમાં વેચી દેવામાં આવે છે. ત્યાંથી અંત સુધી તેના જીવનમાં બાહ્ય અને આંતરિક સંઘર્ષ ચાલે છે. મનુષ્ય તરીકે તેનો સ્વભાવ અને તે જે બજારમાં ઉછરી છે તે વચ્ચે મોટો અવકાશ છે. તે અવકાશને તે પોતાની સમજ પ્રમાણે જીવતી જાય છે અને ભરતી જાય છે. સ્ત્રીને 'વસ્તુ' કે 'શરીર' ગણનાર સમાજનો આમાં મોટો ભાગ છે. તેની સાથે ધંધામાં જોડાયેલી અન્ય સ્ત્રીઓની સમજ ઉમરાવ જેટલી ગહન નથી. તે દરેક પરિસ્થિતીને સમજી શકે છે. તેમાં માનવીય તત્ત્વોનું મહત્ત્વ સમજી શકે છે. અન્ય વેશયાઓ કરતાં જુદું એવું આ પાત્ર નવલકથાનું હાર્દ છે. ભાગ્ય પર દોષારોપણ ન કરતાં અંતે તે પોતાના જીવનને સમજીને અન્ય છોકરીઓને ધંધાની પોકળતા અને શારીરિક સૌંદર્યની પોકળતા વિષે સમજાવે છે. જેથી તેનો પુરુષાર્થ વખાણવા લાયક બને છે, નહીં કે વખોડવા લાયક! સ્વેચ્છાએ વેશ્યાના ધંધામાં ન પ્રવેશેલી ઉમરાવ પ્રયત્નશીલતા દ્વારા તેના

જીવનને મહાનતાના અંશોયુક્ત બનાવે છે. આ વિલક્ષણ નારી છબી દ્વારા મિર્ઝા રુસ્વા સાહિત્ય ક્ષેત્રે એક અનોખુ યોગદાન આપે છે. લખનૌમાં અંગ્રેજ શાસન આવ્યું એ પહેલાના સમાજમાં ચાલતા ધંધાદારી પ્રવૃત્તિનો ચિતાર આપતી આ નવલકથા છે, જેનો આ પ્રકરણમાં અભ્યાસ કરાયો છે.

**<u>પ્રકરણઃ ૯ 'દ્રૌપદી'- ઉડિયા નવલકથામાં નારી છબી</u>**

'યાજ્ઞસેની' નામની ઉડિયા નવલકથાના લેખિકા પ્રતિભા રાય છે. ગુજરાતીમાં તેનો અનુવાદ જયા મહેતા દ્વારા કરવામાં આવ્યો છે. અહીં, અભ્યાસનો સંદર્ભ બદલાય છે. એક પૌરાણિક પાત્ર-જે યાતના, લાંછન, માનસિક સંકટ અને સંઘર્ષનું પ્રતિનિધિત્વ કરે છે. આ પાત્ર 'મહાભારત'નું છે. જે આદિ સમયથી ચાલી આવતા પુરુષસત્તાક સમાજના કારણે તેમજ રાજ્યસત્તા અને ધર્મસત્તા જેવા તંત્રને કારણે સ્ત્રીને તે સમયે સહેવી પડતી યાતનાને આપણી સમક્ષ લાવી આપે છે.

જ્ઞાની-માની-ગુણી ગણાતાં પુરુષપાત્રોની હાજરીમાં આત્મ-સમ્માન પર આંચ આવતા સહેવી પડતી લાચારી એ તેના પતિઓને કારણે ઊભી થયેલી સ્થિતિ છે. માતા કુંતીના મોંએ અનાયાસે નીકળેલા શબ્દોને કારણે 'વસ્તુ'ની જેમ પાંચ પતિઓમાં વહેંચાયેલી દ્રૌપદીની યાતના આ નવલકથામાં સમાવિષ્ટ છે. તેની યાતનાને સમર્પણ ગણી તેને પાંચ સતીઓમાં સ્થાન અપાયું છે. દ્રૌપદી દ્વારા વિડંબિત અને વૈચિત્રપૂર્ણ જીવનની માનસિક સ્થિતિને પૌરાણિક છબી દ્વારા લેખિકાએ રજૂ કરી છે. કુંતી અને ગાંધારી જેવા પાત્રોની સ્થિતિને પણ આ નવલકથામાં સમાવવામાં આવી છે. એક બાજુ પાંચ પતિઓ હોવા છતાં તરીકે પૂજાતી દ્રૌપદીને બીજી બાજુ કર્ણ અને કૃષ્ણ પ્રત્યે અનુરકત થનાર બતાવી છે. આમ, પારંપરીક દ્રષ્ટિએ વર્ષોથી સ્ત્રીને 'સતી' કે 'દેવી'નું પદ આપીને પુરુષસત્તાક સમાજ દ્વારા કેવી છલના કરવામાં આવી છે એ સંદર્ભે નવલકથાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**<u>પ્રકરણઃ ૧૦ 'પિંજર'- પંજાબી નવલકથામાં નારી છબી</u>**

અમૃતા પ્રિતમ દ્વારા લખાયેલી આ પંજાબી નવલકથાનો ગુજરાતીમાં સુમિત્રા ઠાકોરે અનુવાદ કર્યો છે. આ નવલકથા વિભાજનના સમયનું ચિત્ર પૂરું પાડે છે. જેમાં હિન્દુ તેમજ મુસ્લિમ પરિવારના ચિત્રણને આવરી લેવાયું છે. પૂરોનું હિન્દુ કુટુંબ અને રશીદનું મુસ્લિમ કુટુંબ! બંને પરિવારો વચ્ચેની દુશ્મનીનો ભોગ પૂરો બને છે. રશીદ બદલો વાળવા પૂરોનું અપહરણ કરે છે. નિર્દોષ પૂરોને સમાજના ડરને કારણે પોતાનું જ કુટુંબ સ્વીકારતું નથી. સ્ત્રીને સહેવી પડતી વેદનાની આ સમાજની વક્રતા છે. રશીદ પૂરોને સ્વીકારીને મુસ્લિમ વિધિથી લગ્ન કરીને 'હમીદા' નામ આપે છે. રશીદ પૂરોને ખૂબ ચાહે છે, પરંતુ સ્વેચ્છા વિરુદ્ધ થયેલાં લગ્નને કારણે ઘણી વૈચિત્રપૂર્ણ સ્થિતિનો તે સામનો કરે છે. અન્યના અવલંબનોને આધારે તેને જીવવું પડે છે. પૂરો શાંત હોવા છતાં ઘણી પરિસ્થિતીમાં તેની મહેચ્છાઓ બહાર આવે છે. અપહરણ કરીને લાવ્યો હોવા છતાં

રશીદ અંત સુધી પૂરોને સાથ આપે છે. અંતે વિભાજનની સ્થિતિમાં પરિવાર પાછી બોલાવે છે ત્યારે પૂરો પણ રશીદનો સાથ છોડતી નથી. આમ, માનવીય નિષ્ઠાને પારખીને સત્યના માર્ગે સાથ નિભાવનાર નારી છબી અહી જોવા મળે છે. જે ધર્મ, નાત-જાત કે દેશની તિરાડથી પર ઊઠે છે. આ ઉપરાંત, તારો, કમ્મો, લાજો અને ગાંડી સ્ત્રી જેવા ગૌણ પાત્રોનો પણ આ પ્રકરણમાં વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે.

## પ્રકરણઃ ૧૧ 'ધરતી ખોળે પાછો વળે'- કન્નડ નવલકથામાં નારી છબી

'મરાલી મણિગ્ગૈ' નવલકથા શિવરામ કારન્થ લિખિત કન્નડ નવલકથા છે, જેનો પ્રભાકર મંગળવેઢેકર દ્વારા ગુજરાતીમાં અનુવાદ થયો છે. ત્રણ પેઢી સુધી વિસ્તરેલી આ નવલકથા ભારતીયતાના ઘણા સંદર્ભો પ્રગટ કરે છે. તેથી ભારતીય નારી છબીનું નિરૂપણ અહીં તકેદારીપૂર્વક કરવામાં આવ્યું છે.

પારોતી, સરસોતી, સત્યભામા, નાગવેણી- આ નારીપાત્રોનો નવલકથામાં મહત્વનો ભાગ છે. રામ ઐતાળની પત્ની પારોતી નિસંતાન છે. તેથી તેઓનું લગ્નજીવન પણ શુષ્ક છે એ સ્ત્રી તરીકે તેની વિડંબના છે. રામ ઐતાળની બહેન સરસોતી બાળવિધવા છે. તે સાસરે ન રહેતાં ભાઈના ઘરે રહે છે. ખોટું ન સહી શકતી તે આખાબોલી છે. પારોતીના દુખમાં તે સહભાગી છે. તે ભાઈને સાચું કહેતાં પણ ખચકાતી નથી. સંતાનપ્રાપ્તિ માટે રામ ઐતાળ સત્યભામા સાથે બીજા લગ્ન કરે છે. બે શૌકય વચ્ચેનો સંઘર્ષ અહીં ઘણી પરિસ્થિતિએ પ્રગટ થાય છે. લચ્ચા એ રામ ઐતાળ અને સત્યભામાનો દીકરો છે. જેને પારોતી પારકી માં હોવા છતાં વધુ સ્નેહ કરે છે. સત્યભામાને આ કારણે ઈર્ષ્યા થાય છે. પારોતીને સંતાનોની જેમ જ 'ગોપી' નામની ગાય અને વાછરડાં પ્રત્યે પ્રેમ છે. પતિવ્રતાની મૂરતસમી પારોતી રામના ખોળામાં મૃત્યુ પામે છે. નાગવેણી એ લચ્ચાની પત્ની છે. પારોતીની જેમ જ તે સહિષ્ણુતાની મૂર્તિ છે. લચ્ચાથી છેતરાઈને તેને પતિ પાસેથી જાતીય રોગ લાગુ પડે છે. તેથી તેના બીજા બાળકનું મૃત્યુ થાય છે. લચ્ચાનો દીકરો રામ એ સંગીત, ચિત્ર જેવી કળાઓમાં રસ ધરાવે છે. અંતે તે ગાંધીજીની ચળવળમાં ભાગ લે છે. ચક્રાકાર ગતિ ધરાવતી આ નવલકથામાં સહિષ્ણુતાની મૂર્તિ પારોતી, દુખમાં સહભાગી થતી સરસોતી, ઈર્ષ્યાથી તરફડતી સત્યભામા અને લચ્ચાની નિર્દોષ વહુ નાગવેણી- વગેરે નારીની વિવિધરંગી છબીનું આલેખન કઈ રીતે થયું છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. નાના કુટુંબમાં પણ સત્તાનું બંધન કેવું હોય છે તેનો ચિતાર આપતી આ નવલકથા માનવીય મૂલ્યોની તપાસ કરવા માટે યોગ્ય ભારતીય નવલકથા છે.

## પ્રકરણઃ૧૨ પસંદ કરાયેલી નવલકથાઓનો નારી છબી સંદર્ભે તુલનાત્મક અભ્યાસ

પસંદ કરેલી ભારતીય ગુજરાતી, હિન્દી તેમજ અન્ય ભાષાઓની અનુવાદિત નવલકથાને આગળના પ્રકરણોમાં નારી છબીના સંદર્ભે મૂલવવામાં આવી છે. દરેક નવલકથા ભિન્ન ભાષા ધરાવે છે તેમજ આ

ભારતીય નવલકથાઓ ભિન્ન પૃષ્ઠભૂમિ ધરાવે છે. સમાજના દરેક સ્તરોમાંથી આવતી સ્ત્રીઓનું ચિત્રણ આ નવલકથાઓમાં જોવા મળે છે. વિવિધ પુરુષકેન્દ્રિય સત્તાઓ, તેની અસરો, તેની સામે વિરોધ, તેની સામેના વિવિધ વિદ્રોહનાં સૂર આ ભારતીય નવલકથાઓમાં જોવા મળે છે. આ ઉપરાંત, વિવિધ સમય સંદર્ભોમાં, વિવિધ પૃષ્ઠભૂમિમાં સ્ત્રીઓ પર લાગુ પડતી વિવિધ સત્તાઓ અને માળખાઓનો અભ્યાસ કરી સ્ત્રીઓની લાગણી, મહેચ્છા, વિચારો, માનસ વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં વિવિધ સત્તાઓના જડબામાં ફસાયેલી, તરફડતી, વિદ્રોહ કરતી વિવિધ નારી પાત્રોની છબીનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. જે સમાજના દર્પણ ગણાતાં સાહિત્યમાં  નારી પાત્રોની છબીનો કઈ રીતે વિકાસ થયો છે? વૈદિક કાળથી હાલના સમય સુધી આવતાં ભારતના વિવિધ સ્થળોએ, વિવિધ ભાષામાં રચાતા સાહિત્યમાં નારીની છબીને લઈને ક્યાં સુધી પરીવર્તન આવ્યું છે? સાહિત્ય દ્વારા સમાજ અને સમાજનો સાહિત્ય પર કઈ રીતે પ્રભાવ પડે છે અને તેને કારણે નારીની સ્થિતિમાં ફેરફાર થયો છે? વિવિધ સત્તાઓના બંધન કઈ હદ સુધી જાણ કે અજાણપણે પ્રભાવ પાડે છે? 'વસ્તુ', 'શરીર', 'સંતાનપ્રાપ્તિનું સાધન', 'ભોગવવાનું સાધન' વગેરે તરીકે જોવામાં આવતી સ્ત્રીને તે સિવાય પણ કેટલાં પરિમાણો છે? તેની સાથે થયેલ અત્યાચારો, સહેવી પડતી પીડા, વેદના, દુખના કયા કારણો છે? તેમજ સ્ત્રીને જોવામાં આવતા દ્રષ્ટિકોણમાં ક્યાં સુધી પરીવર્તન આવ્યું છે અને તેના સ્થિત્યંતરો- આટલી સમસ્યાઓનો અભ્યાસ આ પ્રકરણમાં તુલનાત્મક દ્રષ્ટિએ કરવામાં આવ્યો છે.

**<u>પ્રકરણ: ૧૩ ઉપસંહાર</u>**

નવલકથામાં વિવિધ સંદર્ભે યોજાયેલા પરિબળોમાંથી ઉજાગર થતી નારી છબીનો અભ્યાસ કરવાનો હેતુ આ સંશોધન પ્રકલ્પમાં છે. આ સંશોધનના અભ્યાસના નિષ્કર્ષરૂપે મળેલાં તારણો આ પ્રકરણમાં રજૂ કરવામાં આવશે. નીચેના મુદ્દાને અનુલક્ષીને આ પ્રકરણમાં નિષ્કર્ષ પ્રસ્તુત કરવામાં આવશેઃ

- આજના બહુસંસ્કૃતિવાદના સમયગાળામાં નારી છબીના અભ્યાસની પ્રસ્તુતતા
- નવલકથા સ્વરૂપ પર નારી છબીના અભ્યાસને કારણે થયેલાં લાભાલાભ
- ભારતીય નવલકથાઓમાં નારીપાત્રોની છબીની વિવિધતા
- ભારતીય સાહિત્ય વિવેચન ક્ષેત્રે આ અભ્યાસને થયેલી ગતિવિધિઓ અને વિવેચકોની રસરુચિ
- ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનકાર્ય કરવા માટેની શક્યતાઓ, તેના ક્ષેત્રો અને તેનાથી થનાર લાભાલાભ. આ પ્રકારના સંશોધનકાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી સીમા-મર્યાદાઓ

## પરિશિષ્ટઃ૧

A Presentation Under Departmental Coursework (Phase- I) for Ph.D. Students

('સ્ત્રીવિમર્શ'- પુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ')

વિષય પર તૈયાર કરેલ શોધ પત્ર અત્રે રજૂ કર્યું છે.

## પરિશિષ્ટઃ૨

A Presentation Under Departmental Coursework (Phase-II) for Ph.D. Students

('પાનખરની બીક ના બતાવો' નવલકથામાં નારી છબીના નિરૂપણનો અભ્યાસ')

વિષય પર તૈયાર કરેલ શોધ પત્ર અત્રે રજૂ કર્યું છે.

## પરિશિષ્ટઃ૩ સંદર્ભગ્રંથ સૂચિ

સંશોધનકાર્યને નક્કર સ્વરૂપ આપવા માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ અત્રે રજૂ કરી છે.

## પરિશિષ્ટઃ૪ કૃતિ સૂચિ

સંશોધનકાર્યમાં ઉલ્લેખાયેલ અને પ્રત્યક્ષ અભ્યાસ માટે ઉપયોગમાં લીધેલ કૃતિઓની સૂચિ અત્રે રજૂ કરી છે.

## પરિશિષ્ટઃ૫ કર્તા સૂચિ

સંશોધનકાર્ય અંતર્ગત જેમનો નામોલ્લેખ આવ્યો છે તેવા સર્જકોની સૂચિ અત્રે રજૂ કરી છે.